નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/02
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૦૩/૦૧/૨૦૧૮

**// સ્પષ્ટતા પરિપત્ર //**

**વિષય:– નિગમના પરિપત્ર તારીખ:૦૬.૦૭.૨૦૧૭ અન્વયે જરૂરી સ્પષ્ટતા થવા તેમજ ખુલ્લા / વણવપરાશી પ્લોટ/શેડની તબદીલીની સમયમર્યાદા નકકી કરવા બાબત.**

સંદર્ભ:– (૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/ પોસ્ટ વિતરણ/ પોલીસી/૮૯, તારીખ:૦૬.૦૭.૨૦૧૭
(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોસ્ટ વિતરણ/ પોલીસી/૧૦૬ તા. ૨૧.૦૭.૨૦૧૭

નિગમ ધ્વારા મિલ્કતોની તબદીલી બાબતે નીતિ વિષયક પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/ પોસ્ટ વિતરણ/ પોલીસી/૮૯, તારીખ:૦૬.૦૭.૨૦૧૭ જારી કરવામાં આવેલ છે. સદર પરિપત્રમાં જણાવેલ કોષ્ટકમાં તબદીલી બાબતે કુલ:૦૩ કેટેગરીનો સમાવેશ થાય છે. સદર પરિપત્ર બાબતે વધુ સ્પષ્ટતા કરવાનું ઉચિત જણાતા, પરિપત્રની અન્ય બાબતો યથાવત રાખી, નીચે મુજબનો સુધારો / સ્પષ્ટતા કરવામાં આવે છે.

**(૧) કેટેગરી:૨ – સ્પષ્ટતાઃ**

અગાઉ મિલ્કતને જે તે સમયના નીતિ નિયમ મુજબ વપરાશી ગણવામા આવેલ હોય / વપરાશી ગણી તબદીલ કરવામાં આવેલ હોય અને હાલ એકમ બંધ હોય કે નિગમની હાલની નીતિ નિયમ મુજબ વપરાશની વ્યાખ્યામાં નથી આવતી તેવી જ મિલ્કતો આ કેટેગરીમાં તબદીલ થઈ શકશે. એટલે કે મિલ્કતને એક વખત વપરાશી ગણવામાં આવેલ હોવી જોઈએ.

**(૨) મિલ્કત વપરાશી છે કે કેમ? તે બાબતે પુરાવાની ચકાસની બાબતે સ્પષ્ટતાઃ**

ફાળવણીદારની તબદીલી અંગેની અરજી તારીખથી વધુમાં વધુ છેલ્લા ૧૦ વર્ષના પુરાવાની ચકાસણી કરવાની રહેશે અને તે સમયગાળાના વણવપરાશી સમયગાળા માટે દંડની વસુલાત કરવાની રહેશે. એટલે કે તે અગાઉના કોઈ પુરાવાની ચકાસણી કરવાની રહેશે નહિ કે વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે નહિ. આ બાબત કેટેગરી–૧ અને ૨ ને લાગુ પડશે.

કેટેગરી–૧ અને ૨ ના ફોર્મલ તથા નામ બદલવાના તબદીલીના કિસ્સાઓમાં, કોઈ તબદીલી ફી લેવાની રહેશે નહિ.

(૩) **કેટેગરીઃ૩ – સ્પષ્ટતાઃ**

કેટેગરી–૩ અન્વયે, ઔપચારીક પ્રકારના તબદીલીના કિસ્સાઓમાં મિલ્કતના વપરાશની વધારાની કોઈ સમયમર્યાદા મળવાપાત્ર થશે નહિ.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (વિતરણ) ને પાઠવવી.

–સહી–
**(ડી.થારા)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**<u>નકલ જયભારત સહ રવાનાઃ–</u>**
(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જ.મે.શ્રી ગ્રેડ–૧(એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યુ,**

**કાર્યપાલક નિયામક (ઈએન્ડએ)**